Saturday
24.10.2026
✳Volume :11 ✳ Issue No.112
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે દિલ્હીમાં ૮,૯૪૧ કરોડના યમુના પુનરુદ્ધાર સંબંધિત પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને શિલાન્યાસ સમારોહમાં હાજરી આપી

**દિલ્હીમાં અમારી સરકાર બનતાની સાથે જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યમુનાને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે દિલ્હી સરકાર સમક્ષ એક કાર્ય યોજના રજૂ કરી હતી; અત્યાર સુધીમાં આ યોજના હેઠળ ૪૦% કામ પૂર્ણ થઈ ગયું છે**







કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે દિલ્હીમાં યમુનાના પુનરુદ્ધાર સાથે સંકળાયેલા ૮,૯૪૧ કરોડના પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને શિલાન્યાસ સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે દિલ્હીના ઉપરાજ્યપાલ શ્રી તરનજિત સિંહ સંધૂ અને મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આજે અહીં યમુનાના શુદ્ધીકરણ માટે લગભગ ૯,૦૦૦ કરોડના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ થયો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં અમારી પાર્ટીની સરકાર બનતાની સાથે જ એક મોટી બેઠક બોલાવી હતી અને યમુનાને શુદ્ધ કરવાનું પોતાનું વિઝન દિલ્હી સરકાર અને ગૃહ મંત્રાલય સમક્ષ મૂક્યું હતું. આટલા ટૂંક સમયમાં અમે ૪૦ ટકાથી વધુ સફળતા મેળવી લીધી છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે છેલ્લા ૩૦ વર્ષથી અગાઉની સરકારો દિલ્હીના ગંદા પાણીને યમુનામાં છોડવાની મંજૂરી આપતી હતી અને ડેરીઓમાંથી દરરોજ ૨,૦૦૦ ટન છાણ યમુનામાં નાખવામાં આવતું હતું. એક સમયે ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં મુખ્ય વિરોધ પક્ષના સહયોગીઓની સરકારો સત્તામાં હતી, અને હરિયાણાનું ઔદ્યોગિક ગંદુ પાણી તેમજ ઉત્તર પ્રદેશનું ગંદુ પાણી પણ યમુનામાં વહેતું હતું. તેમણે કહ્યું કે આજે કેન્દ્રમાં અને દિલ્હી, હરિયાણા તથા ઉત્તર પ્રદેશમાં અમારી પાર્ટીની સરકારો સત્તામાં છે.

આ ચાર રાજ્યોમાં અમારી સરકારોએ ઉત્તર પ્રદેશ, હરિયાણા અને દિલ્હી માટે સંયુક્ત રીતે સમયબદ્ધ રોડમેપ તૈયાર કર્યો છે, જેના દ્વારા અમે ૨૦૨૯ સુધીમાં યમુનાને સ્વચ્છ બનાવી દઈશું. શ્રી શાહે કહ્યું કે અમે એવું દિલ્હી બનાવવા માગીએ છીએ જ્યાં ઘરો સુંદર હોય, પાણી શુદ્ધ હોય, શેરીઓ સ્વચ્છ હોય, કચરાના પહાડો ન હોય અને યમુના સ્વચ્છ થઈને અહીંથી સંગમ સુધીના લોકોને પોતાના આશીર્વાદ આપી શકે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ આ કામને અવિરત સંકલ્પ તરીકે ઉપાડ્યું છે અને આજે તે સંકલ્પનો એક ખૂબ મોટો ભાગ પૂરો થઈ રહ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે આજે અહીં ૧૦ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે અને ૩૩ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ૮,૯૪૧ કરોડના કુલ ખર્ચે શરૂ કરવામાં આવેલી યોજનાઓ દ્વારા લાખો લીટર પાણી શુદ્ધ થઈને યમુનામાં વહેશે. આજે અહીં દિલ્હીના ઘણા વિસ્તારો સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને હાલના એસટીપી (STPs)ના અપગ્રેડેશન અને નવા એસટીપીની સ્થાપના માટે શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો. આજે અહીં એક વિકેન્દ્રિત એસટીપી પમ્પિંગ સ્ટેશન પણ સ્થાપિત કરવામાં આવ્યું છે, અને ઘરો સુધી ગટર લાઈનો જોડવાનું કામ શરૂ થઈ ગયું છે. અમે સીવર રિહેબિલિટેશન, ટેપિંગ અને ગટરના કામોને આગળ ધપાવી રહ્યા છીએ. ગૃહ મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે અમે ૨૦૨૯ પહેલા યમુનાને શુદ્ધ કરી દઈશું. શ્રી અમિત શાહે કહ્યું કે કેટલીક રાજકીય પાર્ટીઓ માત્ર બહાનાબાજીનું રાજકારણ કરે છે. દિલ્હીમા અગાઉની સરકારો બહાના બનાવતી હતી કે તેમને કોઈ મદદ મળતી નથી. તેમણે કહ્યું કે તેમની પાસે દરેક પ્રશ્નના જવાબો છે, પરંતુ તે જવાબો પંજાબમાં તેમની સરકાર ગયા પછી આપવામાં આવશે. દિલ્હીની અગાઉની સરકારે વિરોધ પ્રદર્શનોના નામે સત્તા કબજે કરવા અને ભ્રષ્ટાચાર કરવા સિવાય કશું કર્યું નથી. તેમણે કચરાના પહાડોના નામે રાજકારણ રમ્યું હતું, પરંતુ અમારી સરકારે તે કચરાના પહાડોને ઘટાડવાનું કામ કર્યું છે. બે વર્ષમાં આ કચરાના પહાડોની જગ્યાએ બગીચાઓ બની જશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે દિલ્હીમાં રેખા ગુપ્તા સરકારે કેન્દ્રની મોદી સરકારની મદદથી ૨.૧૭ કરોડ મેટ્રિક ટન કચરો સાફ કર્યો છે અને ૧૦૦ એકર જમીનને કચરામુક્ત કરી છે. ઓખલા અને ભલસ્વા ખાતે કચરાના પહાડો ૩૦ થી ૪૦ મીટર ઘટી ગયા છે,

ગાઝીપુર ખાતેનો પહાડ ૧૦ થી ૧૫ મીટર નીચે આવ્યો છે. અગાઉની સરકારે યમુનાના શુદ્ધીકરણ માટે કોઈ કામ કર્યું નહોતું. અમારી સરકારે આજે સરાઈ કાલે ખાન અને આઈટીઓ (ITO) ખાતે અસિતા ઈસ્ટ, વાંસેરા અને વાસુદેવ ઘાટ જેવા વિશ્વસ્તરીય કાર્યો કર્યા છે. અમે દિલ્હીના દરેક ઘરને સીવરેજ કનેક્શન આપવા માટે ત્રણ વર્ષનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે જેથી ગંદુ પાણી બહાર નીકળી શકે અને અમે દરેક ઘર સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાનું પણ સુનિશ્ચિત કરીશું. શ્રી અમિત શાહે કહ્યું કે દિલ્હીમાં હાલમાં એક અલગ રમત રમાઈ રહી છે કારણ કે દેશભરના રાજ્યોમાં અમારી સરકારો સતત ચૂંટાઈ રહી છે. તેમણે કહ્યું કે આનાથી વિપક્ષોને પેટમાં દુખાવો થઈ રહ્યો છે, તેથી જ તેઓ મત ચોરીનું બહાનું બનાવી રહ્યા છે. વિપક્ષી દળોનો દાવો છે કે અમારી પાર્ટી લોકપ્રિય મતોથી સત્તામાં નથી આવતી પરંતુ મતોની ચોરી કરીને આવે છે. આખો દેશ વિપક્ષી દળો અને તેમની પાર્ટીઓને સમજે છે અને સમજી ગયો છે. શ્રી શાહે કહ્યું કે મત ચોરીનો હોબાળો મચાવીને વિપક્ષી દળો ઘૂસણખોરોના મતો બચાવવા માગે છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે વિપક્ષી દળો ક્યારેક ઈવીએમ (EVMs) તો ક્યારેક મત ચોરીના બહાના બનાવે છે. ગૃહ મંત્રીએ કહ્યું કે જ્યારે તેઓ દાવો કરે છે કે તેમની પાર્ટીની સરકાર ૩૦ વર્ષ સુધી રહેશે, ત્યારે વિપક્ષી દળો લોકોને કહે છે કે મતોની ચોરી થઈ રહી છે, નહીંતર અમિત શાહને કેવી રીતે ખબર પડી હોત. શ્રી શાહે કહ્યું કે તેમનો જન્મ અહીં થયો હતો, તેઓ અહીં રહે છે, અને દેશના લોકો વચ્ચે રહે છે, અને તેમણે દર છ મહિને વિદેશ જવું પડતું નથી. તેમણે કહ્યું કે વિપક્ષ જે પ્રકારનું નકારાત્મક રાજકારણ કરી રહ્યો છે તેને જોતાં આગામી ૩૦ વર્ષ સુધી વિપક્ષની સરકાર ક્યારેય બનશે નહીં. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે તાજેતરમાં કેરળમાં એ જ મતદાર યાદી, ચૂંટણી પંચ અને ઈવીએમથી ચૂંટણીઓ યોજાઈ હતી અને ચૂંટણી જીત્યા બાદ વિપક્ષે શપથ લીધા હતા અને હવે તેઓ ચૂંટણી પંચના વખાણ કરી રહ્યા છે. તેલંગાણામાં જ્યારે વિપક્ષ જીત્યો ત્યારે ચૂંટણી પંચ પણ સારુ હતું અને મતદાર યાદી પણ સારી હતી. હિમાચલમાં જ્યારે તેઓ જીત્યા ત્યારે પણ ચૂંટણી પંચ અને મતદાર યાદી સારા હતા. તમિલનાડુમાં જ્યારે તેમણે ટેકો આપેલી પાર્ટી ચૂંટણી જીતી ત્યારે પણ ચૂંટણી પંચ અને મતદાર યાદી સારા હતા. શ્રી શાહે કહ્યું કે વિપક્ષ જ્યાં પણ ચૂંટણી હારે છે, ત્યાં ચૂંટણી પંચ યોગ્ય નથી હોતું. જો અદાલતો વિપક્ષની તરફેણમાં ચુકાદો આપે તો અદાલતો સારી છે, પરંતુ જો તેઓ વિપક્ષની વિરુદ્ધમાં ચુકાદો આપે તો અદાલતો યોગ્ય નથી. શ્રી શાહે કહ્યું કે વિપક્ષના આ બેવડા ધોરણો ચાલશે નહીં અને લોકો હવે આ બધું સમજી ગયા છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે વિપક્ષ કેટલાક પડોશી રાજ્યોમાંથી કેડરોને એકઠા કરીને અને દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરીને જનાદેશને નકારી શકે નહીં. તેમણે કહ્યું કે દેશના લોકો વિપક્ષને જોઈ પણ રહ્યા છે અને સમજી પણ રહ્યા છે. તેમણે કહ્યું કે અમારી પાર્ટીના બૂથ કાર્યકરોથી લઈને પ્રધાનમંત્રી મોદીજી સુધી, અમારા કરોડો કાર્યકરો લોકોની વચ્ચે રહે છે, તેમના દુઃખો જાણે છે અને તેમની સમસ્યાઓ ઉકેલવા માટે રાત-દિવસ કામ કરે છે. જો આપણે યમુનાનું ઉદાહરણ જોઈએ તો મુખ્ય વિરોધ પક્ષ અને અન્ય પક્ષોની અગાઉની સરકારોએ દિલ્હી પર ૩૦ વર્ષ સુધી શાસન કર્યું પરંતુ તેમણે યમુના માટે કશું કર્યું નહીં. શ્રી શાહે કહ્યું કે હવે યમુનોત્રીથી સંગમ સુધીની સમગ્ર યમુનાને સ્વચ્છ કરવાનું સૌભાગ્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમારી સરકારને મળવા જઈ રહ્યું છે. ગૃહ મંત્રીએ કહ્યું કે વિપક્ષ આવી રાજકીય તક્નીકો અને ભીડશાહી (મોબોક્રસી) દ્વારા દેશના જનાદેશને નકારી શકે નહીં. તેમણે કહ્યું કે જો કોઈ ચૂંટણી જીતવા માંગતું હોય, તો તેણે લોકોના દુઃખ અને દર્દને સમજવા માટે તેમની વચ્ચે જવું જોઈએ; ધરણાં અને વિરોધ પ્રદર્શનોથી કશું પ્રાપ્ત થતું નથી. તમે જ્યાં પણ ચૂંટાયા છો, ત્યાં લોકોના દુઃખ, દર્દ, પીડા અને અવ્યવસ્થા દૂર કરવા માટે યોજનાઓ લાવો અને કામ કરો; નહીંતર બાકી રહેલું અસ્તિત્વ પણ પૂરું થઈ જશે. શ્રી અમિત શાહે કહ્યું કે પંજાબ સરકારના નેતૃત્વમાં પંજાબમાં જે રીતે ડ્રગ્સનો વેપાર ફૂલ્યો-ફાલ્યો છે, તેનાથી પંજાબના લોકોએ હવે નક્કી કરી લીધું છે કે આ વખતે ત્યાં અમારી પાર્ટીની સરકાર આવશે. તેમણે કહ્યું કે બહાનાબાજીનું રાજકારણ લાંબુ ચાલતું નથી; સફળતા માટે પરિણામો આપવા પડે છે.

તેમણે કહ્યું કે દિલ્હીના અગાઉના મુખ્યમંત્રી દિલ્હીમાં હારી ગયા અને હવે પંજાબમાં ડેરો જમાવીને બેઠા છે, ત્યાંના મુખ્યમંત્રીને કામ પણ કરવા દેતા નથી. તેમણે કહ્યું કે અમે ૨૦૨૯ સુધીમાં પંજાબમાં ડ્રગ્સના વેપારનો અંત લાવીશું.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં 'કાઠિયાવાડ ભવન'નું લોકાર્પણ અને દાતાશ્રી કૃતજ્ઞતા સમારોહ યોજાયો



કમલમ્,

ગાંધીનગર ખાતે કાઠી દરબાર એજ્યુકેશન ટ્રસ્ટના 'કાઠિયાવાડ ભવન'નું લોકાર્પણ તેમજ દાતાશ્રી કૃતજ્ઞતા સમારોહ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાવામાં આવ્યો હતો. આ ભવન નિર્માણમાં યોગદાન આપનાર તમામ દાતાશ્રીઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના મંત્રને દોહરાવતાં કહ્યું કે, શિક્ષણ એ માત્ર વ્યક્તિગત પરિવર્તનનું સાધન નથી, પરંતુ સમગ્ર સમાજ અને રાષ્ટ્ર નિર્માણનું શક્તિશાળી માધ્યમ છે. શહેરોમાં રહીને અભ્યાસ કરતા યુવાઓને અભ્યાસ સાથે આવાસની સુવિધા આપવા માટે વિવિધ સમાજોના ભવનો સરકારના પ્રયાસોમાં પૂરક બનીને સમાજના સહયોગથી વિકાસને વધુ વ્યાપક બનાવે છે એમ તેમણે ઉમેર્યું હતું. IAS, IPS, GPSC કે અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનોને યોગ્ય માર્ગદર્શન, અભ્યાસલક્ષી વાતાવરણ, લાઈબ્રેરી અને આવાસની શ્રેષ્ઠ સુવિધાઓ કાઠી સમાજના આ ભવન થકી મળશે એનો આનંદ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ભારત-૨૦૪૭ની નિર્માતા એવી યુવાશક્તિના ભવિષ્યને કેન્દ્રમાં રાખીને કાઠી દરબાર એજ્યુકેશન ટ્રસ્ટના ભગીરથ પ્રયાસ બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, કાઠિયાવાડની ધરતી ધર્મ, ભક્તિ અને શૌર્યની સમૃદ્ધ પરંપરાનો વારસો ધરાવે છે.

જોગીદાસ ખુમાણ જેવા વીર પુરુષો, દાન મહારાજ વિસામણ બાપુ જેવા પૂજ્ય સંતો અને આલા ખાચર જેવા મહાન ભક્તોએ સમાજને શૌર્ય, સેવા, ત્યાગ અને સંસ્કારનો માર્ગ બતાવ્યો છે. કાઠી સમાજે પોતાની ગૌરવશાળી પરંપરાને જાળવી રાખીને શિક્ષણ, જ્ઞાન, કૌશલ્ય અને આધુનિક વિચારધારા દ્વારા સમાજને નવી ઊંચાઈઓએ લઈ જવાનો સંકલ્પ કર્યો છે તે સરાહનીય છે. મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ભારત અને વિકસિત ગુજરાતના સંકલ્પમાં કાઠી સમાજને સહભાગી બની પર્યાવરણ સંરક્ષણ માટે 'એક પેડ મા કે નામ', 'વોકલ ફોર લોકલ' અને 'સ્વચ્છતા' જેવા અભિયાનોમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું.

આ લોકાર્પણ સમારોહમાં સાંસદશ્રી પરષોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, શ્રી મહેશભાઈ કસવાલા, કિસાન મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી બાબુભાઈ જેબલિયા, ગુજરાત રાજ્ય કાઠી ક્ષત્રિય સમાજના આગેવાન શ્રી સત્યજીત કુમાર, જૂનાગઢ ગૌરક્ષાનાથ આશ્રમના મહંત શ્રી શેરનાથ બાપુ, પાળિયાદના મહંત શ્રી ગેબીનાથ બાપુ સહિત પૂજ્ય સંતો, શહેર સંગઠન પ્રમુખ શ્રી આશિષભાઈ દવે, પ્રદેશ મિડિયા કન્વીનર શ્રી પ્રશાંતભાઈ વાળા તેમજ સર્વ દાતાશ્રીઓ સહિત વિશાળ સંખ્યામાં સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર આપવાની અને જિલ્લાઓમાં સરકારી જમીનમાં થતા દબાણો રોકીને જમીન જાળવણીની જવાબદારી સુપેરે નિભાવવા જિલ્લા કલેક્ટરોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની તાકીદ

**રાજ્ય 'સ્વાગત'માં મળેલી ખેડૂતના ખેતરમાં વરસાદી પાણીના નિકાલ – ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર – પીવાના પાણીની વ્યવસ્થા – રોડ-રસ્તા – દબાણ અને રી-સર્વેને લગતી નાગરિકોની રજૂઆતોનો હકારાત્મક અભિગમથી ઉકેલ લાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**




ઓક્ટોબર-૨૬ના રાજ્ય સ્વાગતમાં ૧૭૦થી વધુ રજૂઆતો ઉપરાંત જિલ્લા અને તાલુકા સ્વાગત મળીને ૪૯૫૩થી વધુ રજૂઆતો પરત્વે યોગ્ય જરૂરી કાર્યવાહિ હાથ ધરવામાં આવી

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર નિયમ અનુસાર આપવા અને સરકારી જમીનોમાં થતાં દબાણો રોકીને આવી જમીન જાળવણીની જવાબદારી સુપેરે નિભાવવા રાજ્યના જિલ્લા કલેક્ટરોને સ્પષ્ટ સૂચનાઓ આપી છે. નાગરિકોની રજૂઆતો અને લોક ફરિયાદોનું ટેકનોલોજી યુક્ત અભિગમથી નિવારણ માટેના 'સ્વાગત' અંતર્ગત ઓક્ટોબર-૨૦૨૬નો રાજ્ય સ્વાગત મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ રાજ્ય સ્વાગતમાં ૧૭૦થી વધુ રજૂઆત કર્તાઓ મુખ્યમંત્રીશ્રી કાર્યાલયમાં પોતાની રજૂઆતો સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

સમગ્ર રાજ્યમાં જિલ્લા સ્વાગતમાં ૨૨૦૦ અને તાલુકા સ્વાગતમાં ૨૫૮૩ મળીને કુલ ૪૯૫૩થી વધુ રજૂઆત કર્તાઓની અરજીઓ પ્રત્યે જરૂરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી સમક્ષ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ઓરમા ગામમાં પીવાના પાણીની પરિસ્થિતિ અંગે થયેલી રજૂઆત સંદર્ભમાં તેમણે યોગ્ય આયોજનથી પાણીની વ્યવસ્થા કરવા માટે સ્થાનિક વહિવટી તંત્ર અને પાણી પુરવઠા બોર્ડને સુચનાઓ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ કચ્છ જિલ્લાના ગાંધીધામ તાલુકાના શિણાય ગામના ખેડૂતે ખાતેદાર તરીકેનું પ્રમાણપત્ર મેળવવા કરેલી રજૂઆત અંગે જિલ્લા કલેક્ટરને તાત્કાલિક સૂચના આપીને ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર નિયમ અનુસાર ફાળવવા અને આ પ્રકારના કિસ્સાઓમાં સ્થાનિક કક્ષાએ ખેડૂતોના હિતમાં કાર્યવાહી કરવા તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને જણાવ્યું હતું. એટલું જ નહિ, કચ્છના અંજાર તાલુકાના સુગારીયા મોડસર ગામમાં સરકારી જમીનમાં દબાણ અંગેની રજૂઆત બાબતે સંબંધિત જિલ્લા કલેક્ટર સહિત રાજ્યના બધા જ જિલ્લાઓના કલેક્ટરોને સ્પષ્ટ સુચનાઓ આપી હતી કે સરકારી જમીનની જાળવણીની જવાબદારી જિલ્લા વહિવટી તંત્ર નિભાવે. બોટાદના મોટા ઝિંઝાવદર ગામનો રસ્તો બનાવવા રાજ્ય સ્વાગતમાં જે રજૂઆત કરવામાં આવી હતી તે અંગે મુખ્યમંત્રીશ્રીએ માર્ગ અને મકાન વિભાગને સત્વરે કાર્યવાહી કરવાની સુચના આપીને રજૂઆતનું નિવારણ કર્યું હતું. ઓક્ટોબર-૨૦૨૬ના આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ખેડૂતોના ખેતરમાં ખેતરમાં વરસાદી પાણીના નિકાલ, ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર, પીવાના પાણીની વ્યવસ્થા તથા રોડ-રસ્તા અને દબાણ તેમજ રી-સર્વેને લગતી નાગરિકોની જે રજૂઆતો મળી હતી તેનો હકારાત્મક અભિગમથી નિકાલ લાવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગ્રામીણ ઉદ્યોગો માટે પંચાયત વેરાનું રેશનલાઈઝેશન કરવાની, પોતાની ફરજ ન બજાવતા સરપંચ સામે પગલાં લેવાની તેમજ સરકારી જમીનમાં વારંવાર દબાણ કરતા વ્યક્તિ સામે ફૈંઈ દાખલ કરવાની સૂચનાઓ જિલ્લા કલેક્ટરોને આપી હતી. આ ઉપરાંત તળાવ ઓવરફ્લો થવાના કારને ખેડૂતને થતાં નુકસાન સામે સિંચાઈ વિભાગને ટેક્નિકલ ઉપાયો કરવા પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, ખાસ ફરજ પરના અધિકારીઓ શ્રી ધિરજ પારેખ અને શ્રી રાકેશ વ્યાસ તેમજ રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓ ગાંધીનગરથી તેમજ જિલ્લા કલેક્ટરશ્રીઓ વિડિયો કોન્ફરન્સથી જોડાયા હતા.

# મહેસાણામાં રૂ. ૧.૪૩ કરોડના ખર્ચે ૭૭૬ દિવ્યાંગ લાભાર્થીઓને અત્યાધુનિક સાધનોનું નિ:શુલ્ક વિતરણ: કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના જન્મદિને 'સેવા સંકલ્પ અભિયાન'ની ભવ્ય ઉજવણી

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના સેવા-સુશાસન અને અમિતભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે મહેસાણા લોકસભા વિસ્તારમાં દિવ્યાંગ સશક્તિકરણનો સેવાયજ્ઞ સંપન્ન

કમલમ્,મહેસાણા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર સેવામાં ૨૫ વર્ષના સફળ કાર્યકાળના ઉપલક્ષામાં આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન'ના સમાપન અવસરે અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના જન્મદિવસની વિશેષ ઉજવણીના ભાગરૂપે મહેસાણાના નુગર ખાતે મહેસાણા લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલના પ્રયાસોથી દિવ્યાંગજન સાધન સહાય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ચોરાસી કડવા પાટીદાર સમાજ વાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યના ઊર્જામંત્રી શ્રી ઋષિકેશ પટેલ તેમજ અગ્રણી શ્રી રત્નાકરજી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

ભારત સરકારની એડીપ (ADIP) યોજના અને ઉત્તર ગુજરાત વીજ કંપની(UGVCL)ના સી.એસ.આર. ફંડના સહયોગથી મહેસાણા, બેચરાજી, કડી અને ઊંઝા વિસ્તારના દિવ્યાંગોને આધુનિક સાધનોનું વિતરણ કરી તેમને સશક્ત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે દિવ્યાંગ લાભાર્થીઓને સંબોધતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના લોખંડી પુરુષ શ્રી અમિતભાઈ શાહના જન્મદિવસે મહેસાણા જિલ્લામાં દિવ્યાંગજનો માટેનું આ પ્રેરણાદાયી સેવા કાર્ય ખરા અર્થમાં માનવતાની મહેક ફેલાવે છે. આ સેવાયજ્ઞ અંતર્ગત સમગ્ર પ્રક્રિયામાં અંદાજે રૂ. ૩.૬૦ કરોડના ખર્ચે આશરે ૩,૪૦૦ જેટલા અત્યાધુનિક અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સાધનો દિવ્યાંગજનો સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ સાધનો માત્ર ભૌતિક સહાય નથી, પરંતુ દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવી તેમનામાં આત્મશક્તિ અને આત્મવિશ્વાસ જગાડવાનું માધ્યમ છે. સરકાર અને સમાજના સહિયારા પ્રયાસોથી દિવ્યાંગો પોતાની દૈનિક જરૂરિયાતો સરળતાથી પૂર્ણ કરી આર્થિક રીતે સદ્ધર બને તેવું વિઝન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે રાખ્યું છે. કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણી શ્રી રત્નાકરજીએ જનસેવાને જ સાચો ધર્મ ગણાવતા કહ્યું હતું કે, જનપ્રતિનિધિઓ હંમેશા જનતાની વચ્ચે રહીને તેમના સુખ-દુઃખના ભાગીદાર બને તે અનિવાર્ય છે.



દિવ્યાંગજનોમાં કુદરતે અદ્ભુત ક્ષમતાઓ મૂકી હોય છે અને તેમની સેવામાં સહભાગી થવું એ આપણી નૈતિક ફરજ છે. શાસન અને સમાજ વચ્ચે સેતુ બનીને છેવાડાના માનવીના જીવનમાં ઉજાસ લાવવો એ જ આપણી ખરી સંસ્કૃતિ છે. આ પ્રસંગે મહેસાણાના સાંસદ શ્રી હરિભાઈ પટેલે માહિતી આપી હતી કે, વડાપ્રધાનના સુશાસનના ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે મહેસાણા લોકસભા ક્ષેત્રના અંદાજે ૭૮૦ દિવ્યાંગોને સાધનો અર્પણ કરવામાં આવ્યા છે. આ માટે UGVCL દ્વારા સી.એસ.આર. ફંડમાંથી રૂ. ૧ કરોડ ૪૩ લાખની માતબર રકમ ફાળવીને આ સેવાકાર્યને વેગ આપવામાં આવ્યો છે. રાજ્યસભાના સાંસદ શ્રી મયંકભાઈ નાયકે પંડિત દીનદયાળ ઉપાધ્યાયના 'અંત્યોદય' વિચારને યાદ કરતા જણાવ્યું હતું કે, સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના કેન્દ્રમાં હંમેશા ગરીબ અને વંચિત વર્ગ રહ્યો છે. આ પ્રસંગે મહેસાણાના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ અને અગ્રણી શ્રી ભરતભાઈ ડાંગરે પણ દિવ્યાંગો માટેની વિવિધ સરકારી યોજનાઓ પર પ્રકાશ પાડ્યો હતો, જ્યારે શ્રી ગીરીશભાઈ રાજગોરે સ્વાગત પ્રવચન કરી તમામ મહાનુભાવોને આવકાર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે યોજાયેલ કેમ્પમા UGVCL ના CSR ફંડમાંથી મહેસાણા, બેચરાજી, કડી વિધાનસભા અને ઊંઝા તાલુકા વિસ્તારના ૭૭૬ લાભાર્થીઓને રૂપિયા ૧.૪૩ કરોડથી વધુ કિંમતના ટ્રાયસિકલ, વ્હીલચેર, સ્માર્ટફોન, હિયરિંગએડ, ઈલેક્ટ્રીક ટ્રાયસીકલ, સ્માર્ટ કેઈન, ટીચિંગ લર્નિંગ મટીરીયલ્સ, સી.પી. ચેર, વોકર અને બ્રેઈલ કીટ સહિતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલની ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવેલ આઈસીયુ ઓન વ્હીલ્સને મંત્રી શ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા લીલી ઝંડી આપી લોકાર્પિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ, મહેસાણા મહાનગરપાલિકાના મેયર શ્રીમતી સોનલબેન ઓઝા, પાટણ લોકસભા સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, રાજ્ય સભા સાંસદ શ્રી રાજેશભાઈ શુક્લ, અગ્રણી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી પ્રશાંતભાઈ કોરાટ, મહેસાણા ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, ઊંઝા ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, બેચરાજી ધારાસભ્ય શ્રી સુખાજી ઠાકોર, ખેરાલુ ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, કડી ધારાસભ્ય શ્રી રાજેન્દ્ર કુમાર ચાવડા, ડિસ્ટ્રિકટ બેંકના ચેરમેન શ્રી વિનોદભાઈ પટેલ, BSF ના કમાન્ડન્ટશ્રી, UGVCL ના વરિષ્ઠ અધિકારીશ્રીઓ, એલિમ્કોના પ્રતિનિધિ શ્રી મૃદુલ અવસ્થી સહિત દિવ્યાંગ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મનોદિવ્યાંગ બાળકોના ચહેરા પર સ્મિત લાવી સેવાભાવ, સંવેદના અને માનવતાની અનોખી ઉજવણી

### દેશના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના જન્મદિવસે એકરંગ સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોને ભાવતા ભોજન કરાવતા ધારાસભ્ય ઉદય કાનગડ



કમલમ્,રાજકોટ

દેશના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના જન્મદિવસની ઉજવણીના વિધાનસભા-૬૮ ના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા એકરંગ સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોને ભાવતું ભોજન કરાવી પ્રેમ, હૂંફ અને આત્મીયતાની લાગણીઓ વહેંચવામાં આવી હતી. બાળકો સાથે આનંદની પળો વિતાવી તેમના ચહેરા પર સ્મિત લાવવાનો આ સેવાયજ્ઞ જન્મદિવસની ઉજવણીને માનવતા અને સંવેદનાના સુંદર ઉત્સવમાં પરિવર્તિત કરી ગયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું કે, "આદરણીય અમિતભાઈ શાહનો જન્મદિવસ એ માત્ર શુભેચ્છાઓ પાઠવવાનો અવસર નથી, પરંતુ સેવા, સમર્પણ અને સમાજ પ્રત્યેની આપણી જવાબદારીને જીવનમાં ઉતારવાનો પ્રેરણાદાયી દિવસ છે. આ બાળકોના નિર્દોષ સ્મિતમાં જે ખુશી અને નિખાલસતા જોવા મળે છે, તે હૃદયને સ્પર્શી જાય છે. તેમના જીવનમાં આનંદની એક નાનકડી પળ ઉમેરવી અને તેમની સાથે આત્મીયતાથી સમય વિતાવીને વિશેષ આનંદ અને સંતોષની લાગણી અનુભવી છે." એકરંગ સંસ્થાના મનોદિવ્યાંગ બાળકો ને ભોજન કરાવીને શ્રી અમિતભાઈ શાહના જન્મદિવસની ઉજવણીને સેવાકાર્ય સાથે જોડવામાં આવી હતી.

મનોદિવ્યાંગ બાળકોના નિર્દોષ હાસ્ય અને આનંદભર્યા માહોલે આ પ્રસંગને લાગણીસભર બનાવી દીધો હતો. આ પહેલ સમાજમાં સંવેદના, સમાનતા, સહાનુભૂતિ અને માનવતાના મૂલ્યોને વધુ મજબૂત બનાવતો સુંદર સંદેશ બની રહી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, શહેર ભાજપ પૂર્વ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, કિશોરભાઈ રાઠોડ, પૂર્વ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, કોર્પોરેટરો કાળુભાઈ કુંગશિયા, ભરત લીંબાશીયા, દિલીપભાઈ લુણાગરિયા, સંજય ચાવડા, રસિલાબેન સાકરીયા, સ્મિતાબેન ગોહેલ, ધર્મિષ્ઠાબેન પરમાર, પૂનમબેન મોરવાડિયા, અજય મજેઠીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ સોમાભાઈ ભાલિયા, મંત્રી કિન્નરીબેન ચૌહાણ, શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ મિલન લીંબાશિયા, મહિલા મોરચા પ્રમુખ લીનાબેન રાવલ, શહેર અનુ. જાતિ મોરચા મહામંત્રી સંજય બગડા, તેમજ જે. ડી. ભાખર, રસિકભાઈ પટેલ, રણધીર સોનારા, કાનાભાઈ ડડેયા, પરેશ લીંબશીયા, જીલાભાઈ સૂસરા, પ્રવીણભાઈ પટેલ, હેમુભાઈ પરમાર, જીણાભાઈ ચાવડા, પિન્ટુભાઈ રાઠોડ, ડી. બી. ખીમસૂરિયા, એન. જી. પરમાર, રાજેશભાઈ લીલા, પ્રવીણભાઈ કીયાડા, રતાભાઈ પરમાર, દેવજીભાઈ ખીમસૂરિયા, કુલદીપસિંહ જાડેજા, જયદીપ કાકડિયા, મૌલિક પરમાર, ઉમેશભાઈ વાઘેલા, લાલભાઈ હુંબલ, ગજુભા જાડેજા, વિજયસિંહ જાડેજા, કાંતિભાઈ બગડા, ભરતભાઈ કુબાવત, રણછોડભાઈ જોગરાણા, મેરામભાઈ બોરિચા, હસુભાઈ કેરાળીયા, ચંદ્રેશભાઈ પરસાણા, મયુર વજકાણી, સુરેશભાઈ મહેતા, રાહુલ રાઠોડ, કિશોર મકવાણા, જયવંતસિંહ જાડેજા, કેતન કુમારખાણિયા, વિનોદ કુમારખાણિયા૪ ધર્મેશ સોલંકી, કેયૂર કેરાળીયા, નાગજી રાદડીયા, દિનેશભાઈ ગૌરી, જિમીત મૂળશા, ગૌતમ મોરવાડિયા, બીપીનભાઈ ગોહિલ સહિત વોર્ડ સંગઠનના વિવિધ સ્તરના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સેવાભાવની આ પહેલમાં સહભાગી બની બાળકો સાથે ખુશીની પળો વહેંચી હતી.

## વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં 'સોમનાથ સ્વાભિમાન પર્વ' જેવા ધાર્મિક અને આધ્યાત્મિક આયોજનથી સોમનાથ વૈશ્વિક ચેતનાનું કેન્દ્ર બન્યું છે-કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

કમલમ્,

રાજય સરકારની 'શ્રવણ તીર્થ દર્શન યોજના' અંતર્ગત કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની આગેવાનીમાં ૨,૧૦૦ થી વધુ ભાવનગરના ભાઈઓ અને બહેનોએ 'શ્રવણ તીર્થ સોમનાથ યાત્રા'ના માધ્યમથી પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના આજે દર્શન કર્યા હતાં. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે મંદિર પરિસરમાં ધ્વજપૂજા કરી હતી. યાત્રીઓના જય સોમનાથના જયઘોષ વચ્ચે આ ધ્વજાને ત્યારબાદ મંદિર પર ચડાવવામાં આવી હતી. ત્યારે સમગ્ર મંદિર પરિસર જય સોમનાથના નાદથી ગુંજી ઉઠયું હતું. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સોમનાથ મંદિર એ ભારતની આસ્થા અને સ્વાભિમાનનું પ્રતીક છે. અનેક આક્રાંતાઓના આક્રમણો છતાં સોમનાથની અસ્મિતા અડગ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ 'સોમનાથ સ્વાભિમાન પર્વ' જેવા કાર્યક્રમોના આયોજનથી સોમનાથને વૈશ્વિક ઓળખ મળી છે અને તેના લીધે સોમનાથ સાંસ્કૃતિક ચેતનાનું આધ્યાત્મિક કેન્દ્ર બન્યું છે. વડાપ્રધાનશ્રીના વડપણ હેઠળ દેશનાં ધાર્મિક અને સાંસ્કૃતિક તીર્થસ્થળોના વિકાસને નવી દિશા મળી છે અને સાંસ્કૃતિક વારસો સચવાઈ રહ્યો છે. આ વર્ષે અત્યાર સુધીમાં આશરે એક કરોડ લોકોએ ભગવાન સોમનાથના દર્શન કર્યા છે તેમ જણાવી ભગવાન સોમનાથના આશીર્વાદથી સમગ્ર વિશ્વના કલ્યાણની ભાવના મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. રાજ્ય સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની 'શ્રવણ તીર્થ યોજના' અંતર્ગત ૪૧ બસના કાફલા સાથે સોમનાથ આવી પહોંચેલા શ્રદ્ધાળુઓના 'જય સોમનાથ'ના જયઘોષ સાથે સમગ્ર મંદિર પરિસર આધ્યાત્મિક ઉર્જાસભર બન્યું હતું. આ યાત્રા દરમિયાન યાત્રિકોએ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને પૂજા-અર્ચના તેમજ ધ્વજારોહણમાં સહભાગી બન્યાં હતાં. ગુજરાત સરકારની 'શ્રવણ તીર્થ દર્શન યોજના' વરિષ્ઠ નાગરિકોને ગુજરાતનાં પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા કરવામાં આર્થિક સહાય આપવા માટે અમલમાં મૂકવામાં આવેલી યોજના છે. તેનો મુખ્ય ઉદ્દેશ વડીલોને તીર્થયાત્રા કરવાની તક મળે અને મુસાફરીનો ખર્ચ ઓછો થાય તે સુનિશ્ચિત કરવાનો છે. આ ધ્વજારોહણના ધાર્મિક અવસરે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દ્વારકાદાસ દોમડિયા, કોડિનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રી શિવાભાઈ સોલંકી, અગ્રણી શ્રી ડૉ.સંજયભાઈ પરમાર, કલેક્ટર શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલા, પ્રાંત અધિકારી શ્રી જે.વી કાકડિયા, આત્માના ડિરેક્ટર શ્રી પુષ્પકાંત સ્વર્ણકાર સહિતના અધિકારીઓ અને જિલ્લાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



## ગેટ્સ ફાઉન્ડેશન અને ટાટા IHF ડેલીગેશને ડ્રોન-ટેક સ્ટાર્ટઅપ 'પ્રાઈમ યુએવી'નું AI/ML આધારિત મચ્છરજન્ય રોગચાળા નિયંત્રણ મોડલ નિહાળ્યું

### દુર્ગમ વિસ્તારોમાં AI/ML આધારિત ડ્રોનથી મચ્છર ઉત્પત્તિ કેન્દ્રોની શોધ: ગુજરાતના સ્ટાર્ટઅપે વિકસાવી અદ્યતન ટેકનોલોજી



કમલમ્,

ભારતમાં મચ્છર અને વેક્ટર-બોર્ન રોગચાળાના નિયંત્રણ માટે અદ્યતન ઉપાયો શોધવાના હેતુથી યોજાયેલા ખાસ કાર્યક્રમ અંતર્ગત બિલ એન્ડ મિલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન (USA) અને ટાટા આઈએચએફ (IHF - Tata Trusts) ના ૧૭ સભ્યોના વૈશ્વિક પ્રતિનિધિમંડળે ગુજરાત સ્થિત ડ્રોન-ટેક સ્ટાર્ટઅપ પ્રાઈમ યુએવી પ્રાઈવેટ લિમિટેડ (Prime UAV Pvt. Ltd.) ના AI/ML આધારિત મચ્છરજન્ય રોગચાળા નિયંત્રણ મોડલને નિહાળ્યું હતું. જાહેર આરોગ્ય ક્ષેત્રે અદ્યતન ટેકનોલોજી વિકસાવનાર પ્રાઈમ યુએવી દ્વારા ડ્રોન ઈન્ટેલિજન્સ મારફતે 'એડવાન્સ લાર્વલ સોર્સ મેનેજમેન્ટ' (Advance LSM through Drone Intelligence) જેવી ચાર મહત્વપૂર્ણ તકનીકો તૈયાર કરાઈ છે. આ AI/ML આધારિત ડ્રોન સામાન્ય રીતે પહોંચી ન શકાતા દુર્ગમ વિસ્તારોમાં છુપાયેલા મચ્છર ઉત્પત્તિ કેન્દ્રો શોધી કાઢે છે અને ગ્રાઉન્ડ ટીમને તુરંત માહિતી પૂરી પાડે છે, જેનો મોટો ફાયદો જાહેર આરોગ્ય ક્ષેત્રો થઈ રહ્યો છે. મલેરિયા, ફાઈલેરિયા અને ડેન્ગ્યુ જેવા રોગચાળાના નિયંત્રણ માટે ગુજરાત સરકારના સરકારી તંત્ર સાથે મળીને ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, આણંદ અને મહેસાણા જિલ્લામાં પ્રાઈમ યુએવી દ્વારા આ ટેકનોલોજી આધારિત મોડેલ પ્રાયોગિક ધોરણે અમલી બનાવી સફળતાપૂર્વક સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ સફળ ઈનોવેશન અને ગ્રાઉન્ડ લેવલના અમલીકરણની નોંધ લઈને ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ યોજાયેલી સંયુક્ત બેઠકમાં કેન્દ્ર (ICMR) અને ગુજરાત સરકારના ૯ ઉચ્ચ અધિકારીઓ, વિષય નિષ્ણાતો, પ્રાઈમ યુએવી, ગેટ્સ ફાઉન્ડેશન તેમજ ટાટા ટ્રસ્ટના પ્રતિનિધિઓ વચ્ચે ટેક્નોલોજીકલ પ્રગતિ અંગે વિગતવાર ચર્ચા થઈ હતી.

આ અંગે માહિતી આપતા પ્રાઈમ યુએવી પ્રા. લિ. ના સીઈઓ પ્રદિપ પટેલ અને સીટીઓ હિતેન પટેલે જણાવ્યું હતું કે, આ પ્રતિનિધિમંડળ તેમની ટેકનોલોજી અને સરકારી અધિકારીઓ સાથેના વાસ્તવિક અનુભવોની માહિતી મેળવી રહ્યું છે, જેથી ગુજરાતના આ સફળ મોડેલને વિશ્વના અન્ય દેશોમાં પણ લાગુ કરી શકાય. જાહેર આરોગ્ય ક્ષેત્રે મચ્છરજન્ય રોગચાળાના નિયંત્રણ માટે 'પ્રાઈમ યુએવી' ની આ એક નોંધપાત્ર ટેકનિકલ સિદ્ધિ છે.

## મોરબી જિલ્લામાં બાળમજૂરી પ્રથા નાબૂદી માટે તંત્ર દ્વારા સપ્ટેમ્બર માસમાં રેઈડ કરી કુલ ૯ તરુણ શ્રમયોગીઓને મુકત કરાયા



### બાળમજૂરી કરાવતી સંસ્થાઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ; હોટલ-ઢાબા અને ઔદ્યોગિક એકમોને બાળ શ્રમિકો ન રાખવા તાકીદ

કમલમ્,મોરબી

મોરબી જિલ્લામાં બાળમજૂરી રોકવા અને નાની વયના બાળકોના અધિકારોનું રક્ષણ કરવાના હેતુથી જિલ્લા ટાસ્ક ફોર્સ કમિટીના અધ્યક્ષ તથા જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ મદદનીશ શ્રમ આયુક્તની કચેરી દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. સપ્ટેમ્બર-૨૦૨૬ માસ દરમિયાન જિલ્લામાં બાળમજૂરી વિરોધી ટાસ્કફોર્સ દ્વારા મોરબી અને ટંકારા વિસ્તારમાં આકસ્મિક રેઈડ પાડવામાં આવી હતી. જે કાર્યવાહી અંતર્ગત તા. ૦૮/૦૯/૨૦૨૬ ના રોજ ટંકારા ખાતે આવેલી 'હિમાલય ફ્રેમ એલએલપી'માંથી ૮ તરુણ શ્રમયોગીઓને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તા. ૨૨/૦૯/૨૦૨૬ ના રોજ મોરબી ખાતે 'દેવુભાઈ ગાંઠિયાવાળા'ની સંસ્થામાંથી ૧ તરુણ શ્રમયોગીને મુક્ત કરવામાં આવ્યો હતો. આમ, સપ્ટેમ્બર માસ દરમિયાન કુલ ૯ બાળકોને મુક્ત કરાવીને બંને સંસ્થાઓ વિરુદ્ધ કાયદાનુસાર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રેઈડ દરમિયાન જિલ્લાના તમામ હોટલ, ઢાબા અને ઔદ્યોગિક એકમોના સંચાલકોને કડક સૂચના આપવામાં આવી છે કે તેઓ પોતાની સંસ્થામાં ક્યારેય બાળ શ્રમિકોને કામે ન રાખે. આગામી સમયમાં પણ આવી ઝુંબેશ અને કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે. મોરબી જિલ્લાના કોઈ પણ સ્થળે બાળ મજૂરી થતી નજરે પડે તો ત્વરિત ધોરણે મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, મોરબી અથવા ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ પર સંપર્ક કરી જાણ કરવા નાગરિકોને મદદનીશ શ્રમ આયુક્ત, મોરબીની યાદી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## મોરબી જિલ્લના વાંકાનેર તાલુકાના અનેક ગામોમાં વન વિભાગના રામપરા સેન્ચુરી રેન્જ દ્વારા વન્યપ્રાણી સપ્તાહ ૨૦૨૬ ની ઉજવણી કરાઈ



કમલમ્,મોરબી

મોરબી જિલ્લમાં વન વિભાગના રામપરા સેન્ચુરી રેન્જ દ્વારા વન્યપ્રાણી સપ્તાહ ૨૦૨૬ ની ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત વાંકાનેર તાલુકાના હોલમઢ, જાલસીકા, વીડી ભોજપરા, પલાસ, ભોજપરા અને જાંબુડિયા ગામોની પ્રાથમિક શાળાઓમાં ચિત્ર સ્પર્ધા અને વિવિધ સ્પર્ધાત્મક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો આ ઉપરાંત જાલસીકા અને વીડી ભોજપરા ગામની પ્રાથમિક શાળામાં ૧૩૫ જેટલા વિદ્યાથીઓને સ્કૂલ બેગ પણ આપવામાં આવી હતી. વન્યપ્રાણી સપ્તાહ ૨૦૨૬ ની ઉજવણીમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી મોનાલી કટોચ દ્વારા વિદ્યાર્થીઓને વન્યપ્રાણીનું આપણા પર્યાવરણમાં મહત્વ સમજાવવામાં આવ્યું હતું અને વન્યપ્રાણીના રક્ષણ અને સંવર્ધન અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

# સિદ્ધપુરમાં રાધે ગ્રુપના ભવ્ય 'રાસોત્સવ ૨૦૨૬'માં લોકલાડીલા ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતની વિશેષ ઉપસ્થિતિ

**મા જગદંબાની આરતી કરી સિદ્ધપુરની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે માંગ્યા આશીર્વાદ, સુંદર આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા**




કમલમ્,

સિદ્ધપુરના લોકલાડીલા અને લોકપ્રિય ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે રાધે ગ્રુપ દ્વારા આયોજિત ભવ્ય 'રાસોત્સવ ૨૦૨૬' નવરાત્રી મહોત્સવમાં ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.આ પ્રસંગે માનનીય ધારાસભ્યશ્રીએ મા જગદંબાની વિધિવત પૂજા-આરતી કરી દિવ્ય દર્શનનો લાભ લીધો હતો. ત્યારબાદ તેમણે સમગ્ર સિદ્ધપુર પંથકની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને પ્રજાના કલ્યાણ માટે મા ભગવતીના ચરણોમાં પ્રાર્થના કરી આશીર્વાદ મેળવ્યા હતા.

રાસોત્સવના આયોજનને બિરદાવતા શ્રી રાજપૂત સાહેબે જણાવ્યું હતું કે, રાધે ગ્રુપ દ્વારા કરવામાં આવેલી અદ્ભુત વ્યવસ્થા, મંત્રમુગ્ધ કરતું વાતાવરણ અને શિસ્તબદ્ધ આયોજન ખરેખર પ્રશંસનીય છે. ભારતીય સંસ્કૃતિ અને ભક્તિના પ્રતીક સમાન આ નવરાત્રી ઉત્સવ ઉત્તરોત્તર વધુ સફળતા મેળવે અને નવી ઊંચાઈઓ સર કરે તેવી હૃદયપૂર્વકની મંગલ કામનાઓ તેમણે પાઠવી હતી.આ પ્રસંગે તેમણે રાધે ગ્રુપના તમામ આયોજક સભ્યો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેલૈયાઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.આ ભવ્ય કાર્યક્રમમાં શ્રી રણજીતસિંહ સોલંકી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી કૌશલભાઈ જોશી, શ્રી અંકુરભાઈ મારફતિયા, શ્રી જયેશભાઈ પંડ્યા, શ્રી દશરથભાઈ પટેલ, શ્રી સંજયભાઈ શુક્લા, શ્રી જેકી ભાઈ, શ્રી નિરંજનભાઈ ઠાકર, શ્રી કિરણબેન પંડ્યા, શ્રી જશુભાઈ પટેલ, શ્રી હિતાર્થભાઈ શુક્લા સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ અને ખેલૈયાઓ હાજર રહ્યા હતા અને માતાજીના ગરબે ઘૂમીને ધન્યતા અનુભવી હતી.

# ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે મહેસાણા નવીન જિલ્લા પંચાયત ભવનનું ગરિમાપૂર્ણ ખાતમુહૂર્ત સંપન્ન

**મહેસાણા જિલ્લા પંચાયતના નવનિર્મિત ભવનના ભૂમિપૂજન પ્રસંગે સાંસદસભ્યો અને ધારાસભ્યોની ઉપસ્થિતિ**







કમલમ્,મહેસાણા

મહેસાણા જિલ્લાના વિકાસના નકશામાં વધુ એક મહત્વનું સીમાચિહ્ન ઉમેરાયું છે. મહેસાણા ખાતે રાજ્યના ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલના વરદ હસ્તે અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં રૂપિયા ૫૦.૭૮ કરોડના ખર્ચે તૈયાર થનાર 'સરદાર વલ્લભભાઈ પટેલ' નવીન જિલ્લા પંચાયત ભવનનો ખાતમુહૂર્ત સમારોહ સંપન્ન થયો હતો. આ નવનિર્મિત ભવન જિલ્લાના વહીવટી કાર્યક્ષમતામાં વધારો કરશે અને નાગરિકોને એક જ સ્થળે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ પ્રસંગે મહેસાણા મહાનગરપાલિકાના મેયર શ્રીમતી સોનલબેન ઓઝા, રાજ્યસભા સાંસદ શ્રી મયંકભાઈ નાયક લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલ પાટણ લોકસભા સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, રાજ્યસભા સાંસદ શ્રી રાજુભાઈ શુક્લ, અગ્રણી શ્રી ગીરીશભાઈ રાજગોર અને શ્રી ભરતભાઈ ડાંગર, મહેસાણા ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ ઊંઝા ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ વિજાપુર ધારાસભ્ય શ્રી શ્રી જે ચાવડા બેચરાજી ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર ખેરાલુ ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી કડી ધારાસભ્ય શ્રી રાજેન્દ્રભાઈ ચાવડા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષિલ મીણા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી માસંગજી ઠાકોર કારોબારી સમિતિ ચેરમેન શ્રી હસમુખભાઈ ચૌધરી, બાંધકામ સમિતિના ચેરમેન શ્રી ભરતજી ઠાકોર સહિત જિલ્લા પંચાયતના અધિકારી /કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી મેડિકલ કોલેજ દ્વારા વિશ્વ એનોટોમી દિવસની ઉજવણી કરાઈ



કમલમ્,મોરબી,

૧૫ ઑક્ટોબર, ના રોજ વિશ્વ એનોટોમી દિવસની ઉજવણી ભાગરૂપે મોરબી જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ખાતે શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માનવ શરીરની રચના અને વિવિધ અંગતંત્રોની કાર્યપદ્ધતિ અંગે જ્ઞાન વધારવું, તબીબી અભ્યાસમાં એનોટોમી વિષયનું મહત્ત્વ સમજાવવું અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ અને વ્યવહારુ જ્ઞાનનો વિકાસ કરવો એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ હતો. વિદ્યાર્થીઓને સર્જનાત્મક તથા પ્રવૃત્તિ આધારિત શિક્ષણ તરફ પ્રોત્સાહિત કરવા આ ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યભરમાં યોજાઈ રહેલા ખેલ મહાકુંભ અંતર્ગત મોરબી જીએમઈઆરએસ કોલેજ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત ટેબલટેનિસ સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થીઓ તથા પ્રોફેસર્સએ ઉત્કૃષ્ટ પ્રદશન કર્યું હતું. વિવિધ સ્પર્ધાઓ અને વયજૂથમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસર્સએ મહાનગરપાલિકાકક્ષાની સ્પર્ધાઓમાં વિજેતા બની રાજ્યકક્ષાએ મોરબી મહાનગરપાલિકાનું પ્રીતિનિધિત્વ કરશે. વિવિધ આયોજનો દ્વારા વિદ્યાર્થીઓમાં ટીમવર્ક સર્જનાત્મકતા અને પ્રસ્તુતિકરણ કૌશલ્ય વિકસે અને રમતગમત ક્ષેત્ર માટે પણ વિદ્યાર્થીઓ આગળ વધે તે માટે મેડિકલ કોલેજ ના ડીન ડૉ. નીરજકુમાર બિશ્વાસ તેમજ સ્ટાફ દ્વારા પ્રેરણા પુરી પાડવામાં આવે છે.

# ગાંધીનગરના અડાલજ ખાતે 'વંદે માતરમ કેમ્પ'નો ભવ્ય પ્રારંભ: શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ કર્યું ઉદ્ઘાટન



કમલમ્,ગાંધીનગર

માય ભારત, ગાંધીનગર (ગુજરાત) દ્વારા અડાલજ, ગાંધીનગર સ્થિત 'હાર્ટફુલનેસ મેડિટેશન સેન્ટર' ખાતે ૨૨ થી ૨૮ ઑક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સાત દિવસીય 'વંદે માતરમ કેમ્પ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો શુભારંભ ગુજરાત સરકારના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાના વરદહસ્તે કરવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રીય કક્ષાના કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં રાષ્ટ્રીય એકતા, સાંસ્કૃતિક આદાન-પ્રદાન, પરસ્પર સમજણ અને રાષ્ટ્રીય ઓળખની ભાવનાને વધુ સુદ્રઢ બનાવવાનો છે. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ સામૂહિક 'વંદે માતરમ્' ગાન દ્વારા દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની ભાવના વ્યક્ત કરી હતી. `રળથી આવેલા યુવા સહભાગીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા મનમોહક સાંસ્કૃતિક નૃત્યે ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા અને ભારતની વિવિધતામાં એકતાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

**મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ**

ઉદ્ઘાટનપ્રસંગે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જર, માય ભારત ગુજરાતના નિયામક શ્રી સચિન શર્મા, સહાયક નિયામક શ્રી શ્રેયાંશ સિંહ તથા DD શ્રી પંકજ યાદવ સહિતના અનેક વિશિષ્ટ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ ઉપસ્થિત યુવાનો સાથે એક વિશેષ સંવાદાત્મક સત્ર યોજ્યું હતું. આ સત્રમાં તેમણે વંદે માતરમ્, 'વિકસિત ભારત'ની સંકલ્પના, સુશાસન, રાષ્ટ્રીય વિકાસ નીતિઓ અને "એક પેડ મા કે નામ" જેવા મહત્વપૂર્ણ વિષયો પર ગહન ચર્ચા કરી હતી. તેમણે યુવાનોને જવાબદાર નાગરિક બની રાષ્ટ્રનિર્માણ અને ટકાઉ વિકાસમાં સક્રિય ફાળો આપવા પ્રેરણા પૂરી પાડી હતી.

**દેશના વિવિધ પ્રદેશોમાંથી ૧૫૦ યુવાનોની ભાગીદારી**

આ કેમ્પમાં હિમાચલ પ્રદેશ, ઓડિશા, તેલંગાણા, કેરળ અને બિહાર તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાંથી ૧૫૦ જેટલા યુવા સહભાગીઓ જોડાયા છે. આ આયોજનથી યુવાનોને પોતાની સંસ્કૃતિ તથા પરંપરાઓની આપ-લે કરવાનો અને રાષ્ટ્રીય એકતાના બંધનને મજબૂત કરવાનો સોનેરી અવસર મળ્યો છે. કેમ્પ દરમિયાન સહભાગીઓ માટે તા. ૨૪ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ રાજ્યપાલશ્રીના નિવાસસ્થાનની મુલાકાત તથા જિલ્લા કલેક્ટરશ્રી સાથે યુવા સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી યુવાનોને સુશાસન અને વહીવટી પ્રક્રિયા વિશે પ્રત્યક્ષ સમજ મળશે. આ ઉપરાંત યુવાનોને ગુજરાતના વૈજ્ઞાનિક, શૈક્ષણિક અને ઐતિહાસિક વારસાથી માહિતગાર કરવા સાયન્સ સિટી અને સાબરમતી ખાતે શૈક્ષણિક પ્રવાસ પણ યોજાશે. માય ભારત, ગાંધીનગરના જિલ્લા યુવા અધિકારીની યાદીમાં જણાવ્યા મુજબ, ૨૮ ઑક્ટોબર સુધી ચાલનારા આ કેમ્પ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, સંવાદો અને પ્રવાસો થકી રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા સક્ષમ, જાગૃત અને જવાબદાર યુવા પેઢીનું ઘડતર કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# VGGS 2027માં રાજસ્થાનના ઉદ્યોગોને રોકાણ અને સહયોગ વધારવા માટે ગુજરાતનું આમંત્રણ

**જયપુર રોડશોમાં ગુજરાતે સેમિકન્ડક્ટર, ક્લીન એનર્જી અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે પોતાની ક્ષમતા દર્શાવી; રાજસ્થાનના વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ ગુજરાતમાં વ્યાપારિક તકો શોધવામાં રસ બતાવ્યો**




કમલમ્,જયપુર,

મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ૧૦ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન યોજાનારા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) 2027 પૂર્વે જયપુરમાં આયોજીત રોડ-શોમાં ગુજરાત સરકારે રાજસ્થાનના વેપારી સમુદાયને અને રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. આ રોડ-શોમાં સમગ્ર રાજસ્થાનમાંથી ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને વેપારી પ્રતિનિધિઓ ભેગા થયા હતા, જેણે બંને પાડોશી રાજ્યોને રોકાણની તકો અને સંભવિત ભાગીદારી શોધવા માટે એક પ્લેટફોર્મ પુરુ પાડયું હતું. ગુજરાતના પ્રતિનિધિમંડળે ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે વન-ટુ-વન (એક-સાથે-એક) બેઠકો પણ યોજી હતી, જેમાં રાજ્યની વેપાર-અનુકૂળ નીતિઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક ઈકોસિસ્ટમ અને રોકાણકારો માટે સરકારીના સહયોગ પર ફોકસ પાડવામાં આવ્યો હતો. સભાને સંબોધતા ગુજરાતના માનનીય ,શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગુજરાત સરકાર વતી ઉપસ્થિત તમામનું સ્વાગત કર્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાતની પહેલની શરૂઆતને યાદ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જ્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૦૦૩માં જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આ સમિટની શરૂઆત કરી હતી, ત્યારે રાજ્ય સંચાલિત ગ્લોબલ બિઝનેસ સમિટનો ખ્યાલ બહુ ઓછા લોકોને હતો. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ વાઈબ્રન્ટ ગુજરાત રોકાણ, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય વ્યાપારિક જોડાણ માટેનું એક મુખ્ય મંચ બની ગયું છે. માનનીય મંત્રીશ્રી કુંવરજી બાવળિયાએ ઉમેર્યું હતું કે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય તેના વિકાસ એજન્ડાનો સતત વિસ્તાર કરી રહ્યું છે. ૨૦૨૬માં શરૂ કરાયેલી પ્રથમ 'વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ' (VGRC) એ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં રોકાણની તકો વિસ્તરવા તરફનું વધુ એક પગલું છે. માનનીય મંત્રીશ્રી કુંવરજી બાવળિયાએ રાજસ્થાનના વ્યાપારિક સમુદાયને આગામી સમિટમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરતા કહ્યું, "આજે સમગ્ર દેશ સ્વીકારે છે કે ગુજરાતમાં રોકાણ કરવાનો આ યોગ્ય સમય છે. ગુજરાત તકોની રાહ જોતું નથી, તે તકોનું નિર્માણ કરે છે!"

**ગુજરાત અને રાજસ્થાન: સાહસિકતાનો સહિયારો વારસો**

બંને પાડોશી રાજ્યો વચ્ચેના લાંબા સમયના સંબંધો પર પ્રકાશ પાડતા, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) ના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલ (IAS) એ તેમના સાંસ્કૃતિક, ઐતિહાસિક અને આર્થિક સંબંધો વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે, "રાજસ્થાન મારી 'જન્મભૂમિ' છે અને ગુજરાત મારી 'કર્મભૂમિ' છે. આજે રાજસ્થાન અને ગુજરાતને એકસાથે લાવવાની અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને આગળ ધપાવવામાં યોગદાન આપવાની આ તક મળવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું." તેમણે ભારતના ઔદ્યોગિક વિકાસમાં ગુજરાતી અને મારવાડી સાહસિકોના નોંધપાત્ર યોગદાનનો સ્વીકાર કર્યો અને ગુજરાતની વિકાસગાથામાં રાજસ્થાનની ભૂમિકાને રેખાંકિત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને રાજ્યો પાસે રોકાણ, વેપાર, કૌશલ્ય વિકાસ અને વ્યાપારિક ભાગીદારી દ્વારા પોતાની સહિયારી શક્તિઓને મજબૂત બનાવવાની વિશાળ તકો રહેલી છે.

**રાજસ્થાનના ઉદ્યોગોએ ગુજરાતમાં રસ દાખવ્યો**

રોડશો પછી મીડિયા સાથે વાત કરતા માનનીય મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે રાજસ્થાનના ઘણા વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ ગુજરાતમાં નવા સાહસો શરૂ કરવા અથવા વિવિધ ક્ષેત્રોમાં ફ્રવ્જી ૨૦૨૭ માં ભાગ લેવાની તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત સરકાર સંભવિત રોકાણકારોને જોડવા અને જાન્યુઆરીની સમિટ પૂર્વે ગતિવિધિઓને મજબૂત કરવા માટે અન્ય રાજ્યો અને દેશોમાં પણ આ પ્રકારના રોડ-શોનું આયોજન કરી રહી છે. ફ્રવ્જી ૨૦૨૭ માં ભાગ લેવામાં રસ ધરાવતા રોકાણકારોને સરકાર સંપૂર્ણ સહયોગ આપશે.

**ગુજરાતની વિકાસગાથા: સુશાસન, ઈ ન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ**

વર્ષ ૨૦૨૭ એ વાઈબ્રન્ટ ગુજરાતની પહેલ અને રાજ્યના વિકાસ એજન્ડા સાથે સંકળાયેલી સુશાસન યાત્રાના ૨૫ વર્ષ પૂર્ણ કરશે. ગુજરાત ભારતના ય્દ્બ્દ્ભ માં આશરે ૮.૩% યોગદાન આપે છે અને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય રોકાણ માટે એક મુખ્ય સ્થળ તરીકે સતત સ્થાન ધરાવે છે. શ્રીમતી શાલિની અગ્રવાલે ગુજરાતની સાહસિક ઈકોસિસ્ટમ પર પ્રકાશ પાડતા નોંધ્યું કે, સ્થિર નીતિગત વાતાવરણ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ (સરળ વ્યાપાર) પર ભાર અને ઔદ્યોગિક વિકાસ માટે જમીનની ઉપલબ્ધતાના આધારે સમગ્ર રાજ્યમાં અલગ-અલગ વ્યવસાયો કાર્યરત છે. રાજ્યનું ઈ ન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્ક-જેમાં મુખ્ય બંદરો, આંતરરાષ્ટ્રીય હવાઈ કનેક્ટિવિટી, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર, મેટ્રો રેલ નેટવર્ક અને મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સામેલ છે. જે ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ), લોજિસ્ટિક્સ અને વેપાર માટે નોંધપાત્ર લાભો પૂરા પાડે છે. તેમણે ધોલેરાના વિકાસનો પણ ઉલ્લેખ કર્યો, જેને એક મુખ્ય ઔદ્યોગિક અને રોકાણ હબ તરીકે વિકસાવવા માટે ત્યાં આગળ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે.

**સ્થાપિત ઉદ્યોગોથી લઈને ઉભરતી ટેક્નોલોજી સુધી**

કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, ડાયમંડ પ્રોસેસિંગ અને રિફાઈનિંગમાં ગુજરાતની સ્થાપિત ક્ષમતાઓ તેના ઔદ્યોગિક અર્થતંત્રનો મજબૂત આધાર છે. આ સાથે જ, વિશાળ અને સતત વધતા માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSME) ઈકોસિસ્ટમના ટેકાથી રાજ્ય સેમિકન્ડક્ટર્સ, ડેટા સેન્ટર્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), બેટરી મેન્યુફેક્ચરિંગ અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D) સહિતના ઉભરતા ક્ષેત્રોમાં પોતાનો વિસ્તાર કરી રહ્યું છે. ક્લીન એનર્જી (સ્વચ્છ ઊર્જા) પર શ્રીમતી શાલિની અગ્રવાલે ભારતની ઊર્જાક્ષમતાના પરિવર્તનમાં ખાવડા રિન્યુએબલ એનર્જી વિકાસને એક મુખ્ય યોગદાનકર્તા તરીકે દર્શાવ્યો. તેમણે સેમિકન્ડક્ટર ઉત્પાદનને ટેકો આપવા અને વૈશ્વિક ટેક્નોલોજી સપ્લાય ચેઈનમાં ગુજરાતના સ્થાનને મજબૂત કરવા માટે સાણંદ અને ધોલેરામાં વિકસાવવામાં આવી રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફ પણ ધ્યાન દોર્યું હતું.

**VGGS 2027 વેપાર માટે સહયોગ માટે મંચ પૂરો પાડશે**

વિકાસ માટેના સહયોગી અભિગમ આધારિત VGGS 2027 ગુજરાત અને અન્ય રાજ્યો વચ્ચે ભાગીદારી બનાવવાનો પ્રયાસ કરશે. બંને રાજ્યોની ભૌગોલિક નિકટતા અને પૂરક ઔદ્યોગિક શક્તિઓને ધ્યાનમાં રાખીને, ગુજરાત અને રાજસ્થાન પાસે ઉત્પાદન, સેવાઓ, વેપાર અને કૌશલ્ય વિકાસમાં સહયોગ કરવાની શ્રેષ્ઠ તકો છે.

આ સમિટ રાજસ્થાનના વ્યવસાયો માટે નીચે મુજબના વિવિધ મંચ પૂરા પાડવામાં આવશે:

- ગ્લોબલ ટ્રેડ શો અને એક્ઝિબિશન: ઉદ્યોગપતિઓ અને વેપારીઓ માટે ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરવા અને નવા બજારો શોધવાની તક.
- ખરીદનાર-વેચનાર માટે મુલાકાતો: બંને રાજ્યોના ખરીદદારો અને વેચાણકર્તાઓને જોડવા અને વ્યાપારિક ભાગીદારીની સુવિધા આપવા માટેનું એક મંચ.
- વેન્ડરો માટે મુલાકાતો: કંપનીઓ માટે સપ્લાયર્સની ઓળખ કરવા અને ગુજરાત તથા રાજસ્થાનમાં વેન્ડર નેટવર્ક વિકસાવવાની તકો.
- સ્ટાર્ટઅપ અને ટેકનોલોજી સમિટ: સ્ટાર્ટઅપ્સ અને ટેક્નોલોજી ઈનોવેટર્સ માટે સોલ્યુશન્સ પ્રદર્શિત કરવા, વિચારોની આપ-લે કરવા અને સહયોગ શોધવા માટેનું મંચ.

ભારતના વિકાસની આકાંક્ષાઓમાં સ્થાનિક બજારના વિસ્તરણની સાથે નિકાસને પ્રોત્સાહન અને ભારતીય વ્યવસાયોને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં સાંકળવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. તેમની મૂલ્ય શ્રૃંખલા (વેલ્યુ ચેઈન)ને મજબૂત કરવા અને સાહસો માટે નવી તકો ઊભી કરવા માટે મેન્યુફેક્ચરિંગ અને સેવાઓ ક્ષેત્રે સહયોગના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ગુજરાતના વિકાસના આગામી તબક્કામાં ભાગીદાર બનવા આમંત્રણ જાન્યુઆરી ૧૦–૧૨, ૨૦૨૭ દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાનારી આગામી સમિટની તૈયારી કરી રહેલું ગુજરાત રાજસ્થાનના ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને સાહસિકોને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ માં ભાગ લેવા માટે અને રોકાણ, વેપાર તથા સહયોગ માટેની તકો શોધવા આમંત્રણ આપવા સાથે રોડ-શોનું સમાપન થયું હતું.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028